# U.S. વેપન ક્રાઈસિસ
# અતિ સર્વત્ર વર્જયેત્

તાજેતરમાં એક સમાચાર ધ્યાનમાં આવ્યા હતા કે ખાસ કરીને હાલના ઈરાન સાથેના યુદ્ધ તેમજ રશિયા-યુક્રેનના યુદ્ધને કારણે ‘જગતકાજી’ અમેરિકા અત્યારે પોતાની સૌથી મોટી અને છેલ્લા થોડાં વર્ષોના સમયગાળાની દૃષ્ટિએ અભૂતપૂર્વ કહી શકાય તેવી સમસ્યાનો સામનો કરી રહ્યું છે. આ સમસ્યા છે શસ્ત્રો અને દારૂગોળાની અછતની. આ મુદ્દે અમેરિકાનો નીતિલક્ષી ઈતિહાસ તપાસતાં એમ કહી શકાય કે અમેરિકાને હાથનાં કર્યાં હૈયે વાગ્યાં છે. એ કેવી રીતે? તેની વાત કરતાં પહેલાં એ સમજીએ કે વિશ્વના સૌથી મોટા, મજબૂત અને શક્તિશાળી ગણાતા અમેરિકન લશ્કર માટે આ સમસ્યા સર્જાઈ કેવી રીતે? હકીકતમાં એમ કહી શકાય કે બધાને સામે ચાલીને મદદ કરવાની અને એમ કરીને લગભગ આખી દુનિયાને પોતાના ધાર્યા પ્રમાણે ચલાવવાની અમેરિકાની નીતિ હવે ખુદ અમેરિકા માટે જ ભારે પડી રહી છે.

એમાં થયું છે એવું કે પહેલાં તો લગભગ ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં દેખીતી ભૂમિકા ન હોવા છતાં દોરીસંચાર તો અમેરિકાનો જ રહ્યો. આ તો હવે સાબિત થઈ ચૂકેલી અને જગજાહેર બાબત છે. રશિયા અને અમેરિકાની જૂની સ્પર્ધા તો હવે ઈતિહાસનો અને ખાસ કરીને અમેરિકાના ‘ટ્રમ્પકાળ’માં વર્તમાન સમયનો પણ એક રસપ્રદ વિષય બની ગઈ છે. પરંતુ હવે ટ્રમ્પ પણ સમજે છે કે રશિયાને સીધેસીધું તો હંફાવી શકાય તેમ નથી. એટલે તેમના નેતૃત્વ હેઠળના અમેરિકાએ ‘દુશ્મનનો દુશ્મન દોસ્ત’ એ ન્યાયે યુક્રેનને પરોક્ષ છતાં ખુલ્લું સમર્થન આ યુદ્ધની શરૂઆતથી જ આપ્યું છે. આ સમર્થન દર્શાવવા માટે અમેરિકા યુક્રેનને પોતાનાં અતિઆધુનિક શસ્ત્રો આપતું રહ્યું છે અને બીજી તરફ આ યુદ્ધ ઝડપથી પૂરું કરવા રશિયા પર તમામ રીતે દબાણ કરીને બંને દેશો વચ્ચે મધ્યસ્થી પણ બની રહ્યું છે. જોકે સમાધાન માટેની તેની આ કવાયત અને શરતો રશિયાને તો ઠીક, ખુદ યુક્રેનને પણ મંજૂર નહોતી અને હજુ પણ નથી, એ અલગ વાત છે.

એ જ રીતે ઈઝરાયલ-ઈરાન અને અમેરિકાના ત્રિપાંખિયા સંઘર્ષ તરીકે શરૂ થયેલું અને હાલમાં તો ઈઝરાયલને ક્યાંક પાછળ છોડીને લગભગ દ્વિપાંખિયું બની ગયેલું ઈરાન અને અમેરિકા વચ્ચેનું આ યુદ્ધ પણ સમજવા જેવું છે. અત્યારે અમેરિકા અને ઈરાન વચ્ચેનું જ બની ગયેલું આ યુદ્ધ ઈરાન કરતાં અમેરિકા માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન તો છે જ, પરંતુ તેનાથી પણ વધુ અમેરિકાના વર્તમાન પ્રમુખના ગળાનું હાડકું પુરવાર થઈ રહ્યું છે. વળી, આ બંને યુદ્ધો હજુ સત્તાવાર રીતે પૂરાં થવાનું નામ લઈ રહ્યાં નથી. યુક્રેનને તો અમેરિકા શસ્ત્રો આપે જ છે એટલે તેની અછત તો છે જ, અને હવે એ હકીકત સામે આવી છે કે ઈરાન સામેના યુદ્ધમાં અમેરિકન લશ્કરના ભાથામાંથી મિસાઈલો અને અન્ય દારૂગોળો પણ ધીમે ધીમે ખાલી થઈ રહ્યાં છે. એટલે હવે અમેરિકન પ્રમુખની તો ખબર નહીં, પરંતુ અમેરિકન લશ્કર ચોક્કસપણે ત્રાહિમામ્ પોકારી રહ્યું છે.

**હવે ટ્રમ્પ પણ સમજે છે કે રશિયાને સીધેસીધું તો હંફાવી શકાય તેમ નથી એટલે તેમના નેતૃત્વ હેઠળના અમેરિકાએ ‘દુશ્મનનો દુશ્મન દોસ્ત’ એ ન્યાયે યુક્રેનને પરોક્ષ છતાં ખુલ્લું સમર્થન આ યુદ્ધની શરૂઆતથી જ આપ્યું છે**

આમાં વધુ રસપ્રદ વાત તો એ છે કે અમેરિકાની આ વેપન ક્રાઈસિસ તરફ એક જાણીતા ભારતીય સંશોધક અને લેખકે ધ્યાન દોર્યું છે. આ સંદર્ભે ભારતના NDTVની વેબસાઈટ પર દિલ્હીના ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન (Observer Research Foundation)ના વાઈસ પ્રેસિડેન્ટ હર્ષ વી. પંતનો એક વિસ્તૃત અહેવાલ રજૂ થયો છે. આ અહેવાલ મુજબ અમેરિકાની આ વેપન ક્રાઈસિસને બે હિસ્સામાં સમજી શકાય. એક તો આ માટેનાં તાત્કાલિક કારણો અને બીજું, ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી તથા કોલ્ડ વૉર પછીના સમયમાં અમેરિકાએ સ્વયંભૂ સ્વીકારેલું નીતિગત પરિવર્તન.

આ બંને બાબતો વિગતે સમજીએ. 2022થી ચાલતા રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન અમેરિકાએ યુક્રેનને ખાસ કરીને 155 એમએમની અસંખ્ય

**બોર્ડર**
**કેપ્ટન શૂરવીર સિંહ**

તોપો અને ગાઈડેડ મલ્ટિપલ લોન્ચ રૉકેટ સિસ્ટમ (Guided Multiple Launch Rocket System) જેવી આધુનિક રૉકેટ સિસ્ટમ શરૂઆતના તબક્કે જ આપી દીધી હતી. પરિણામે ખુદ અમેરિકાની લશ્કરી તાકાત નોંધપાત્ર રીતે ઘટી ગઈ હતી. હવે ઈરાન સામેના સતત ચાલતા યુદ્ધમાં અમેરિકાની મિસાઈલો, બંદૂકો અને દારૂગોળો પણ મોટા પ્રમાણમાં ઘટી ગયા છે. તેથી છેવટે આ વેપન ક્રાઈસિસ ઊભી થઈ છે.

હવે આ અહેવાલ પ્રમાણે આ સંદર્ભે કોલ્ડ વૉર પછીના સમયમાં અમેરિકાએ સ્વયંભૂ સ્વીકારેલું નીતિગત પરિવર્તન સમજીએ. 1930ની વૈશ્વિક મહામંદી પછી અને 1939માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં સુધીમાં અમેરિકા વિશ્વની એક મજબૂત આર્થિક અને લશ્કરી મહાસત્તા બની ચૂક્યું હતું, એ જાણીતો ઈતિહાસ છે. અમેરિકાની આ કાયાપલટમાં સ્થાનિક સ્તરે એક મહત્ત્વપૂર્ણ ઉદ્યોગ તરીકે મોટા પાયે શરૂ થયેલા શસ્ત્ર ઉત્પાદનનો મોટો ફાળો હતો. અમેરિકાની શસ્ત્ર ઉદ્યોગ તરફી અને તેના પર મોટા ભાગે આધારિત રહેલી આ આર્થિક નીતિ લગભગ 1950થી 1990 સુધીના ચાર દાયકાઓ દરમિયાન, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચાલેલી કોલ્ડ વૉર દરમિયાન યથાવત્ રહી. આ સમયગાળા દરમિયાન અમેરિકા નિયમિત ધોરણે અને સતત આધુનિક શસ્ત્રોનું ઉત્પાદન કરતું રહ્યું હતું.

ત્યારબાદ, કોલ્ડ વૉરના સત્તાવાર અંત પછી અમેરિકાએ પોતાની આ નીતિમાં પરિવર્તન કર્યું. તેણે વિવિધ દેશો પાસેથી ઓર્ડર લઈને તે મુજબ આધુનિક શસ્ત્રોનું ઉત્પાદન કરીને તાત્કાલિક લાભ મેળવવાની નીતિ અપનાવી. તેની પાછળ અમેરિકન નેતૃત્વની ‘હવે કોઈ મોટું યુદ્ધ નહીં થાય’ એવી માન્યતા જવાબદાર હતી. વર્ષો પહેલાં કરવામાં આવેલા આ નીતિગત પરિવર્તનનાં માઠાં પરિણામો અમેરિકા આજે વેપન ક્રાઈસિસના રૂપમાં ભોગવી રહ્યું છે. એ ઉપરાંત આખી દુનિયામાં ‘રસ’ દાખવવાની અમેરિકાની નીતિ પણ ‘અતિ સર્વત્ર વર્જયેત્’ના ન્યાયે હવે ખુદ અમેરિકા માટે જ ભારે પડી રહી હોય તેવું લાગે છે.







# રણબીરની ફિલ્મ ‘રામાયણ’ના ટ્રેલરની પણ રામાયણ થઈ છે!

ટોમ હોલેન્ડ અભિનીત ‘સ્પાઈડરમેનઃ બ્રાન્ડ ન્યૂ ડે’ ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર એવી જાળ બિછાવી કે ચાર દિવસના વીકએન્ડમાં રૂ. 257 કરોડની શાનદાર કમાણી કરીને મોટો ઈતિહાસ રચ્યો છે અને ક્રિસ્ટોફર નોલનની ફિલ્મ ‘ધ ઓડિસી’ને પાછળ છોડીને વર્ષ 2026ની અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનાર હોલીવૂડ ફિલ્મનું માન મેળવ્યું છે. અત્યાર સુધી ભારતમાં સૌથી વધુ કમાણી કરનારી હોલીવૂડ ફિલ્મ તરીકે ગણાતી ‘અવતારઃ ધ વે ઓફ વોટર’ (રૂ. 390 કરોડ)ને પણ પાછળ રાખી દેશે, એ બાબતે કોઈને શંકા નથી. આ અદભુત સફળતા પાછળનું સૌથી મોટું અને રસપ્રદ કારણ એ છે કે આ ફિલ્મે માત્ર સુપરહીરો એક્શન કે કાલ્પનિક ચમત્કારો પર ભરોસો રાખવાને બદલે પીટર પાર્કરના અંગત જીવનના સંઘર્ષો, તેના ઊંડાણપૂર્વકના ઈમોશન્સ અને માનસિક પરિસ્થિતિને ખૂબ જ સરળતાથી દર્શકો સાથે જોડી દીધી છે. ટિકિટના ભાવ આકાશને આંબી ગયા હોવા છતાં ભારે ક્રેઝ જોવા મળ્યો છે. તેની વાર્તા દર્શકોને શરૂઆતથી અંત સુધી જકડી રાખે છે. ભલે ફિલ્મ ક્યારેક થોડી ધીમી પડે છે, પરંતુ ક્યાંય કંટાળાજનક બનતી નથી. 2 કલાક અને 25 મિનિટમાં ટ્વિસ્ટ અને ટર્ન્સ એટલા બધા છે કે દર્શકો એક સેકન્ડ માટે પણ નજર હટાવી શકતા નથી. ડેસ્ટિન ડેનિયલ ક્રેટિનનું નિર્દેશન ખૂબ જ પ્રશંસનીય છે. ફિલ્મમાં નિન્જા સાથેના એક્શન સીક્વન્સ અને હલ્ક સાથેની ટક્કર થિયેટરમાં રોમાંચક અનુભવ કરાવે છે. હલ્કનું ટ્રાન્સફોર્મેશન અને બંને વચ્ચેનો મુકાબલો ખૂબ જ મસાલેદાર છે. તેને ‘સ્પાઈડરમેન’ ફ્રેન્ચાઈઝીની શ્રેષ્ઠ ફિલ્મ ભલે ન ગણવામાં આવે, પરંતુ એક સારી અને મસાલેદાર ફિલ્મ તરીકે થિયેટરમાં જઈને માણવા જેવી જરૂર બની છે.

**‘રામાયણ’ના ટ્રેલરે સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવી હોવા છતાં ડિજિટલ વ્યૂઝની દૃષ્ટિએ તે અપેક્ષા કરતાં થોડું પાછળ રહ્યું છે**

**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

હોલીવૂડની રૂ. 2000 કરોડના બજેટમાં બનેલી ‘સ્પાઈડરમેનઃ બ્રાન્ડ ન્યૂ ડે’ની વૈશ્વિક કમાણી રૂ. 10000 કરોડથી વધુ થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. ત્યારે ભારતની રૂ. 4000 કરોડના બજેટમાં તૈયાર થઈ રહેલી ‘રામાયણ’ પણ એટલી કમાણી કરી શકે છે. જોકે, તેના માટે ઘણા ફેરફારો કરવાની જરૂર હોવાનું સમીક્ષકોએ જણાવ્યું છે. સૌથી પહેલાં તો ફિલ્મના રૂ. 4000 કરોડ જેવા મોટા બજેટના આંકડાને બ્રાન્ડિંગ તરીકે વાપરવા સામે નારાજગી વ્યક્ત થઈ છે. કારણ કે તેનાથી અપેક્ષાઓ વધી જાય છે અને પછી સ્પષ્ટતા આપવાની ફરજ પડે છે. ‘રામાયણ’ના ટ્રેલરે સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવી હોવા છતાં ડિજિટલ વ્યૂઝની દૃષ્ટિએ તે અપેક્ષા કરતાં થોડું પાછળ રહ્યું છે. અગાઉ પ્રભાસની ‘આદિપુરુષ’ની ભારે ટીકા થઈ હોવા છતાં તેના ટ્રેલરે પહેલા 24 કલાકમાં રેકોર્ડબ્રેક 74 મિલિયન વ્યૂઝ મેળવ્યા હતા. તેના કરતાં વધુ અપેક્ષાઓ અને સુધારેલા વિઝ્યુઅલ્સ હોવા છતાં ‘રામાયણ’ના ટ્રેલરને 48.9 મિલિયન વ્યૂઝ જ મળ્યા છે. તેને અપેક્ષિત વ્યૂઅરશિપ ન મળવા પાછળ વિવેચકો અને સોશિયલ મીડિયા પર ઘણા કારણોની ચર્ચા થઈ રહી છે.

સત્તાવાર ટ્રેલર રિલીઝ થાય તે પહેલાં જ સોશિયલ મીડિયા પર મોટાભાગના મહત્વના દશ્યો અને વીડિયો લીક થઈ ચૂક્યા હતા. જેના કારણે દર્શકોમાં જે નવો રોમાંચ અને ઉત્સુકતા હોવી જોઈએ તે ઓછી થઈ ગઈ હતી અને ઘણા લોકોએ પહેલેથી જ લીક થયેલું કન્ટેન્ટ જોઈ લીધું હતું. ફિલ્મના નામ આગળ ‘નમિત મલ્હોત્રાઝ રામાયણ’ લખવા સામે પણ સવાલ ઉઠાવવામાં આવ્યો છે કે શું આ કોઈ ઈતિહાસ નહીં પરંતુ કોઈના પરિવારની કથા છે? બધા જ દશ્યો ગ્રીન સ્ક્રીન પર શૂટ કરવાને બદલે વાસ્તવિક લોકેશન્સનો ઉપયોગ થવો જોઈએ, એવો મુદ્દો પણ ચર્ચાઈ રહ્યો છે. ટ્રેલરમાં દર્શકો સૌથી વધુ ઉત્સાહિત સની દેઓલના હનુમાનજીના પાત્ર માટે હતા, પરંતુ તેમની સંપૂર્ણ ગેરહાજરી રહી. જેના કારણે ચાહકોમાં થોડી નિરાશા ફેલાઈ છે. યશને રાવણ તરીકે સ્વીકારી લેવામાં આવ્યા છે, પરંતુ હિન્દી ડબિંગમાં તેમનો સામાન્ય અવાજ થોડો કમજોર લાગે છે. દર્શકો ‘બાહુબલી’ જેવી દમદાર અવાજની માંગ કરી રહ્યા છે.

આપણા ભગવાનોની કથાને માત્ર હોલીવૂડ જેવી સુપરહીરો ફિલ્મ અથવા બિઝનેસ પ્રોજેક્ટ તરીકે રજૂ કરવાને બદલે તેમાં હનુમાન ચાલીસા જેવા આધ્યાત્મિક અને આત્મીય સ્પર્શ ધરાવતા તત્ત્વો હોવા જોઈએ, જેથી માસ અને ક્લાસ બંને સાથે જોડાઈ શકે. રાક્ષસો કે અન્ય પાત્રોના માથે માત્ર તિલક લગાવી દેવાથી તેઓ ભારતીય કે દેશી બની જતા નથી. અમુક દર્શકોના મતે સાઈ પલ્લવીમાં માતા સીતા જેવી પરંપરાગત ઝલક અનુભવાતી નથી. જોકે સમીક્ષકોના મતે તેમની ડાયલોગ ડિલિવરી સારી છે, છતાં લોકોની આ ફરિયાદ પર ધ્યાન આપવું જોઈએ. એ.આર. રહેમાન અને હાન્સ ઝિમરના સંગીતને પણ ઘણા લોકોએ સામાન્ય ગણાવ્યું છે. એવી અપેક્ષા હતી કે રામ અને રાવણના દશ્યો વચ્ચેનો તફાવત માત્ર સંગીત સાંભળીને જ અનુભવાઈ જવો જોઈએ.

દર્શકો એવું માની રહ્યા છે કે એસ. એસ. રાજામૌલીનું વિઝન અને તાલમેલ આના કરતાં વધુ શક્તિશાળી અને પ્રભાવશાળી હતા. સૌથી મોટો મુદ્દો રણબીર કપૂરના શ્રીરામ તરીકેના પાત્રને લઈને છે. દર્શકોનું માનવું છે કે રાવણ (યશ)ની સામે રામ (રણબીર)નો ઓરા થોડો નબળો લાગે છે. ભગવાનના પાત્રમાં જે દૈવી ગંભીરતા હોવી જોઈએ તે ખૂટતી અનુભવાય છે. નિર્દેશક નિતેશ તિવારીએ આ બધી ટીકાઓને નફરત તરીકે જોવાને બદલે એમ સમજવું જોઈએ કે ફિલ્મ શ્રેષ્ઠ બને તે માટે ભારતીય જનતાની આ કાળજી છે.

**ઓટોગ્રાફ !**

ટાઇગર શ્રોફ અને રેમો ડિસૂઝા એક ફિલ્મમાં ફરી સાથે આવી રહ્યા છે, જેમાં યુટ્યુબર એલવિશ યાદવ પણ એક મહત્વના પાત્રમાં જોવા મળશે. (કેવું કહેવાય કે જે એક્શન હીરો ‘ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ’ જેવા સ્તર પર હોવો જોઈએ, તેને હવે હિટ થવા માટે ‘એલવિશ ભાઈ કે આગે કોઈ બોલ સક્તા હૈ ક્યા?’ જેવા ડાયલોગનો સહારો લેવો પડી રહ્યો છે!)

# વિજ્ઞાનીઓ પણ આસ્તિક હોઈ શકે..!

વિજ્ઞાનીઓ પણ આસ્તિક હોઈ શકે, એમ કોઈ કહે તો અધકચરા નાસ્તિકોને વાંધો પડે. તેમનું સ્પષ્ટપણે માનવું છે કે ઈશ્વર અંગે સદીઓથી ‘છે કે નથી?’ ની ચર્ચા ચાલતી આવી છે પરંતુ હજી સુધી કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. (સુનિતા વિલિયમ્સ આકાશની સફરે ઉપડ્યાં હતાં ત્યારે તેમણે ગણેશજીની તસવીર અને “ગીતા” સાથે રાખ્યાં હતાં. તેમને પૂછી શકાય કે, “તસવીર સાથે રાખવાથી કોઈ ફાયદો થયેલો ખરો? બલકે તમારું યાન બગડ્યું પણ હતું. ત્યારે એ દેવી-દેવતાઓ કામે નહોતાં આવ્યાં?”)

ટીવીની એક ચેનલ પરથી કર્મના સિદ્ધાંતોના પાઠ નિયમિત રજૂ કરવામાં આવે છે. લાખો લોકો તે પ્રમાણે ટીવીની સામે બેસીને યોગ કરે છે. તેમને પૂછી શકાય : “દોસ્તો, આપણી ૧૪૦ કરોડની

**શું બધા જ લોકો એવા પૂજા-પાઠ કરાવે છે ખરા? અને ધારો કે કરાવતા હોય તો તેમનાં બધાં જ કામો અચૂક સફળ થતાં હોય, એવું બને છે ખરું?**

વસ્તીમાંથી ૯૫ ટકા વસ્તી આસ્તિકોની છે અને બાકીના નાસ્તિકો છે. શું બધા જ લોકો એવા પૂજા-પાઠ કરાવે છે ખરા? અને ધારો કે કરાવતા હોય તો તેમના બધાં જ કામો અચૂક સફળ થતાં હોય, એવું બને છે ખરું?” વાસ્તવમાં એકથી એક ચઢિયાતા પરમ અંધશ્રદ્ધાળુઓ અહીં પડ્યા છે. આપણે જ્યારે ઉપગ્રહ છોડ્યો હતો ત્યારે કોઈએ પણ તે નિમિત્તે થયેલા પૂજા-પાઠનો વિરોધ કર્યો ન હતો. સાધારણ માણસનું તો ગજું નથી પણ વહીવટી તંત્રના શાસકોએ પણ ભગવાનની ‘જે’ બોલાવી હતી.



દોસ્તો, ઈશ્વર હોય કે ન હોય, કોઈ તેને પોતાની અંગત માન્યતા અનુસાર ભજે તેનો વાંધો નથી પરંતુ શ્રદ્ધા કે વૈચારિક સ્વાતંત્ર્યના નામે દેશમાં જીવલેણ અંધશ્રદ્ધાનો ફેલાવો થાય, તે અચૂક નુકસાનકારક છે. તેની સામે ચૂપ રહેવા જેવું બૌદ્ધિક દારિદ્ર્ય બીજું એકેય નથી.

આપણા દેશમાં વિજ્ઞાનનો આટલો વિકાસ થયા પછી પણ આજે એવી અંધશ્રદ્ધા પ્રવર્તે છે કે બાપ સગા દીકરાનું માથું કાપી નાખે છે. સ્ત્રીઓને ડાકણ સમજી મારી નાખવામાં આવે છે. આપણી ભારતભૂમિ દેવોનું પ્રસૂતિગૃહ છે. અહીં ગમે ત્યારે, ગમે તે ખૂણામાંથી દેવો ફૂટી નીકળે છે. કોઈને કારેલામાં શિવલિંગ દેખાય તો કોઈને ઘરની ભીંત પર સાંઈબાબા દેખાય છે.

આ દેશમાં ખૂબ વ્યવસ્થિત રીતે અંધશ્રદ્ધાનો વાયરો વાઈ રહ્યો છે. તેમાં લોકોની અંધશ્રદ્ધા તો ખરી જ, પણ પરંપરાગત રીતે ચાલીને આવેલું અજ્ઞાન પણ ભાગ ભજવે છે. સુનિતા વિલિયમ્સે કહેલું : “હું આકાશનો ખૂણે-ખૂણો ખૂંદી વળી, પણ મને ત્યાં કોઈ ભગવાન દેખાયા નહીં.”

દોસ્તો, સત્ય એ છે કે ભગવાન હોય કે ન હોય, દુનિયાના કોઈ ભગવાને માણસની ઈશ્વર વિશેની સમજને અપડેટ કરી નથી. સદીઓથી ભગવાન મંદિરમાં વસે છે. અંધશ્રદ્ધાળુ બાવાઓ ઈશ્વર અંગેની માણસની અંધશ્રદ્ધાનો ગેરલાભ ઉઠાવે છે. એક પણ આસ્તિકને એવો પ્રશ્ન થતો નથી કે હાથમાંથી કંકુ-ચોખા કાઢનારા બાવાઓ ઘઉં, જુવાર કે બાજરી કેમ કાઢતા નથી? નારિયેળમાંથી ચૂંદડી કાઢનારા બાવાઓ તેમાંથી હીરા, મોતી અને ઝવેરાત કેમ નથી કાઢતા?

**જીવન સરિતાને તીરે**
**દિનેશ પાંચાલ**

અમારા બચુભાઈ કહે છે : “હું જો ભગવાન હોઉં તો આખું મંદિર સોનાનું બનાવી દઉં અને દેશમાં એક માણસ પણ માંદો ન પડે, એક પણ મિલ બંધ ન થાય કે એક પણ નેતા ભ્રષ્ટાચાર ન કરી શકે, એવું ગોઠવી દઉં.”

આપણે જોઈએ છીએ કે ખાસ કરીને અધકચરા બૌદ્ધિક માણસો આસ્તિક હોવામાં નાનમ અનુભવે છે. રેશનલ હોવું એટલે નાસ્તિક હોવું, એવું પણ તેઓ માને છે.

ટૂંકમાં, આસ્તિકતા અને નાસ્તિકતા ખૂબ વિવાદાસ્પદ બાબત છે. નાસ્તિકો પાસે સેંકડો એવી બાબતો છે, જેનો આસ્તિકો પાસે સંતોષકારક જવાબ નથી અને નાસ્તિકો પોતે પણ એવા સેંકડો પ્રશ્નોથી મુંઝાઈ રહ્યા છે, જેનો કોઈ પાસે સંતોષકારક ખુલાસો નથી. એટલે તેમણે માની લીધું કે ભગવાન નથી.

કોઈ માટલામાં પાણી ન ભરેલું હોય તો રોજિંદી ભાષામાં આપણે તેને ખાલી કહીએ છીએ. પરંતુ ખરેખર તે ખાલી હોતું નથી; તેમાં હવા હોય છે. છતાં આપણે કદી પાણી વિનાના ખાલી માટલા માટે એમ કહેતા નથી કે “તેમાં હવા ભરેલી છે.” આપણે તો “માટલું ખાલી છે” એમ જ કહીએ છીએ.

સંક્ષિપ્તમાં, ભગવાન હોય કે ન હોય તેના વિશેની શંકા-કુશંકા હજી સદીઓ સુધી ચાલુ રહેવાની છે. ઈશ્વરનો ધરાર ઈનકાર કરતા નાસ્તિકોને પણ તેમના ભાગ્યનાં બધાં સુખો મળે જ છે. ભગવાનમાં ન માનવાની સજારૂપે તેમના ભાગ્યની અનુક્રમણિકા બદલાઈ જતી નથી. અને જેઓ રાત-દિવસ ભગવાનની પૂજા કરે છે, તેમને પણ તેમના ભાગ્ય કરતાં એક પૈસો વધારે મળતો નથી.

મતલબ, કોઈ જીવલેણ દુઃખ તેમના પર ત્રાટકવાનું હોય તો તે ત્રાટકીને જ રહે છે. શોધવા નીકળો તો આપણા દેશમાં હજારો એવા આસ્તિકો છે, જેઓ મનના છાને-ખૂણે કબૂલે છે કે માતા-પિતાની સંસ્કારગત માન્યતાઓને કારણે તેમનામાં ધાર્મિકતા વિકસી છે. બાકી ભગવાનમાં માનતા આસ્તિકોને જૂઠા આત્મસંતોષ સિવાય કોઈ ખાસ ફાયદો થતો નથી. મતલબ, તેને કોઈ નુકસાન થવાનું હોય તો તે પણ થઈને જ રહે છે.

એથી ચિંતકો કહે છે : “ઈશ્વરની અહર્નિશ આરતી ઉતારશો તો પણ ભાગ્યનું એકેય દુઃખ અટકવાનું નથી.”

**ધૂપછાંવ**

અને કોઈ નાસ્તિક ઈશ્વરની સતત નિંદા કરશે તો પણ તેનો વાળ વાંકો થવાનો નથી. મધ્યમ માર્ગ એ જ છે કે માણસે બીજાને સુખી કરવા જે કંઈ જરૂરી હોય તે કરવું જોઈએ. કદાચ એ જ સાચો વિશ્વધર્મ છે. માણસે દુષ્ટતામાંથી હાથ ખેંચીને માનવતાના માર્ગે જ હંમેશાં આગળ વધવું જોઈએ.